# પ્રાંતિજના નવાપુરા ખાતે બનાવેલ ઘન કચરામાંથી ખાતર બનાવવા માટેનું વર્મીકંપોઝ ખાલી કાગળો પર

## છેલ્લા ત્રણ એક વર્ષથી બંધ છતાં કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર ગ્રાન્ટો ચાઉ કરી લેવાય છે

પ્રાંતિજ, તા. ૧૬

પ્રાંતિજ નગરપાલિકા વિસ્તાર નવાપુરા ખાતે વર્મિઝ કંપોઝ ખાલી કાગળો ઉપર ચાલતું હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે અને છેલ્લા ત્રણ વર્ષથી અહિં કોઈપણ જાતની પ્રક્રિયા ના થતી હોવા છતાં સંકલ્પ સેવા સંસ્થાન એજન્સીના કોન્ટ્રાક્ટર દ્વારા સરકારી ખોટી ગ્રાન્ટો લેવામાં આવે છે.

પ્રાંતિજ ખાતે ઘન કચરામાંથી વર્મીકંપોઝ એટલે કે ઘન કચરામાંથી ખાતર બનાવવા માટે સરકાર ગ્રાન્ટ ફાળવે છે અને આ ગ્રાન્ટ એનજીઓ દ્વારા ફાળવેલ કોન્ટ્રાક્ટરને આપવામાં આવે છે. પણ અહીં તો સ્થળ ઉપર જોતા ભલભલાની આંખો ખુલી જાય અને એક ઘડી માટે ચક્કર આવી જાય તો નવાઈ નહી. હકીકત એવી છે કે અહીં રોજ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા કચરો તો આવે છે પણ ઘન કચરાનો ઉપયોગ ખાતર બનાવવા માટે થતો નથી અને જે જગ્યાએ ઘન કચરામાંથી ખાતર બનાવવાની પ્રક્રિયા કરવામાં આવે છે. ત્યાં સેડ પણ નીચે પડી ગયો છે. અને એકદમ ખંડેર બની ગયું છે. જ્યારે એક સનચો મશીન છે પણ તેની કોઈ ચાલુ થાય તેની કોઈ ગેરંટી નથી. કારણ કે તેમાં મોટર કે તેની કેટલાય વર્ષોથી સર્વિસ સહિત ના થયું હોવાથી તે





પણ ભંગાર સ્વરૂપે છે. ત્યારે અહીં પ્રાંતિજ શહેરમાંથી ઘન કચરો આવે છે અને અહીં પાસે આવેલા કોતરોમાં ઘન કચરો ખાલી થાય છે. ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર પાલિકાની મીલી ભગતથી ખાલી કાગળો ઉપર ઘન કચરામાંથી ખાતર બનાવાવની પ્રક્રિયા ચાલુ છે, પણ વાસ્તવમાં અહીં કશું છે જ નહી. ત્યારે હાલ તો સરકારની તિજોરીમાંથી આવા કોન્ટ્રાક્ટરો તથા તંત્રની મીલી ભગતથી દર વર્ષે મહિને આવતી ગ્રાન્ટો કાગળો દ્વારા બહાર કાઢી લે છે ત્યારે તંત્ર બધુ જાણતું હોવા છતાં પડીકાની લ્હાયમાં ચુપકી સાધીને બેઠુ હોય તેવું હાલમાં તો જણાઈ આવે છે.

ત્યારે હાલ તો અહી પરિસ્થિતિ કંઈક અલગ છે અને અહીં પાસે આવેલ વાઘપુર સીમમાં ૧૫ જેટલા મકાનો આવેલ છે અને ૭૦ જેટલી વસ્તી છે જેમાં ઘન કચરાનો નિકાલ ના થતાં રાત-દિવસ પવન તેમના રહેણાંક તરફ હોવાથી તેમણે બદબુ મારે છે અને રોગચાળાની ભીતી રહે છે.

# ધાનેરાની સીટી સર્વે કચેરી ભ્રષ્ટાચારના ભરડામાં : તપાસ જરૂરી

ધાનેરા, તા. ૧૬

ધાનેરાની સીટી સર્વે ઓફિસ જાણે ભ્રષ્ટાચારના ભરડામાં સમાઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ત્યોર જો આ બાબતે કોઈ અવાજ ઉઠાવે તો તેણે ભુંડી ગાળો બોલી ખોટી ફરિયાદમાં ફસાવી નાખવાની સીટી સર્વેમાંથી ધમકી આપવામાં આવે છે.

ધાનેરામાં રહેતા રાંગી કરસનભાઈ સીટી સર્વે ઉપર શંકા જતા તેમને સીટી સર્વે ઓફિસમાં માહિતી માગી હતી તો માહિતી માગંતા સીટી સર્વે કર્મચારીમાં ફફડાટ મચી ગયો હતો. અને માહિતી માગનારને ઓફિસે બોલાવી મા-બેન સમી ભુંડી ગાળો બોલી ખોટી ફરિયાદમાં ફસાવી દેવાની ધમકી આપતા અરજદારે ધાનેરા નાયબ કલેક્ટરને અને મિડિયા સમક્ષ રજૂઆત કરતા સમગ્ર ધાનેરા શહેરમાં ચકચાર મચી જવા પામ્યો હતો. તો બીજી તરફ ધાનેરાના લોકો એવી પણ વાતો જણાવી રહ્યા છે કે એક તરફ ગુજરાત સરકાર મોટી મોટી લાંચરૂશ્વતની વાતો કરી રહી છે તો બીજી તરફ ધાનેરાની સીટી સર્વે ઓફિસમાં ખુલ્લેઆમ અરજદારો પાસે પૈસાની માંગણી કરવામાં આવી રહી છે. અને જે અરજદાર પૈસા આપવાની ના પાડે તેને ધુતકારીને કાઢી મુકવામાં આવે છે. અથવા તો પછી વર્ષો સુધી ધક્કા કાવા પડે છે અને અરજદારનું કોઈજ પ્રકારનું કામ થતું નથી.

અત્યારે તો ધાનેરામાં ચોરે ને ચૌટે એક જ વાત સાંભળળા મળી રહી છે કે જ્યારથી તંત્ર દ્વારા ધાનેરામાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે ત્યારે ધાનેરાની સીટી સર્વે ઓફિસના લાખો રૂપિયાની કમાણી વધી ગઈ છે.

જિલ્લામાં નવા આવેલા કલેક્ટર જો ધાનેરાની સીટી સર્વે ઓફિસમાં ચેક કરાવેકે ધાનેરા વિસ્તારમાં છેલ્લા ૧૨ મહિનામા સરકાર તેમજ દબાણ વાળી કેટલી જમીન લોકોના નામે થઈ અને સીટી સર્વેમાં ચડી તો તમામ ભ્રષ્ટાચાર બહાર આવે અને કયા અધિકારીએ કેટલા રૂપિયા લીધા છે તેની પણ સંપુર્ણ વિગત બહાર આવે તેવી શક્યતા છે.

**એક તરફ ધાનેરામાં દબાણનો મુદ્દો તો બીજી તરફ સીટી સર્વેને ઘી-કેળા : જિલ્લાના કલેક્ટર આ બાબતે તપાસ કરાવે તો કેટલાય અધિકારી ઘર ભેગા થાય**





# રૂપાલમાં ભરબપોરે ચોરી કરવા આવેલો ઘરફોડિયો ઝડપાયો : બે ફરાર

મોડાસા, તા. ૧૬

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે રવિવારના સાંજના સુમારે મોંઘીદાટ હુન્ડાઈ આઈ ટેન કાર લઈને આવેલા હાઈ પ્રોફાઈલ ચોરને ગ્રામજનોએ ઝડપી પાડ્યો હતો. જ્યારે અન્ય બે ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા.

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે જૈન મંદિર પાસે આવેલા વિસ્તારમાં રહેતા પ્રાણશંકરભાઈ હરગોવિંદભાઈ ગોરનું મકાન છેલ્લા કેટલાક સમયથી બંધ હાલાતમાં હતુ ત્યારે રવિવારના રોજ સાંજના સુમારે કાર લઈને આવેલા તસ્કરોએ આ બંધ મકાનને નિશાન બનાવી ઘરનો કોટ કુદીને મકાનની જાળીનું તાળુ તોડી રહ્યા હતા ત્યારે તેમની સાથે કાર લઈને આવેલા એક શખ્સની સંકાસ્પદ હિલચાલની જાણ ત્યાંથી પસાર થતા જયદિપસિંહ વિક્રમસિંહ રહેવરે તેને પુછપરછ કરતાં યોગ્ય જવાબ ન આપી શકતા બંને વચ્ચે ઝપાઝપી કરતાં મકાનનું તાળુ તોડવા ગયેલ શખ્સો ઘરફોડ કરવાના સાધનો ટાંકણા, હથોડી અને અરપુણી જેવા સાધનો મુકીને ફરાર થઈ ગયા હતા. જ્યારે કાર પાસે ઉભેલો શકમંદ રમેશભાઈ અંબાલાલ ચૌધરી (રહે. બદપુર, તા. માણસા, જિ. ગાંધીનગર)ને ગામલોકોએ ઝડપી પાડ્યો હતો. ઘટનાની જાણ થતાં લોકોના ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. જ્યારે બનાવની જાણ ગાંભોઈ પોલીસ સ્ટેશને કરતા પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બનાસકાંઠાના બક્ષીસ ગણતા ઘોડપાલ ‘બક્ષુ’ની અનોખી બોલબાલા

પાલનપુર, તા. ૧૬

માણસ ભલે કેવી પણ વિકટ પરિસ્થિતિમાં રહેતો હોય પરંતુ જો તે જીવનમાં કંઈક મેળવવા માંગે તો ચોક્કસ પ્રાપ્ત કરે છે. બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારોમાં ખુબ જ ઓછી સુખ સુવિધાઓ વચ્ચે જીવતા ભારતમાંથી અનેક હસ્તીઓ આવે છે. વારસામાં જ બક્ષુ ને ઘોડાનું જ્ઞાન મળ્યું હતું. પોતાના આ જ્ઞાનને જ પોતાની આજીવિકાનું સાધન બનાવી દીધું . પોતાના વારસદારો પાસેથી મળેલા ઘોડાના જ્ઞાન બાદ બક્ષુ પણ ઘોડા વેચવા અને ઘોડાના પરિવાર પણ જોડાયેલો છે. તેમની પત્ની અને બાળકો પણ તેમની સાથે ઘોડાઓની સેવા કરે છે. બક્ષુ ઘોડાના વેચાણ અને ઘોડાના મેળામાં બહાર જતા હોય છે ત્યારે તેના પરિવારના સભ્યો જ ઘોડાની દેખભાળ રાખે છે. બક્ષુ સમગ્ર દિવસ દરમ્યાન



બખ્સુ ની કામગીરીએ તેને રાજકીય અને સામાજિક અગ્રણીઓમાં મોભાનું સ્થાન અપાવ્યું છે. વાત છે બનાસકાંઠા જીલ્લાના બક્ષીસ ગણાતા બક્ષુ ની...જેને આજ દિન સુધી ૨૦૦૦ જેટલા ઘોડાઓ ગુજરાત પોલીસમાં આપ્યા છે.

બનાસકાંઠા જીલ્લાના માલણ ગામના વતની બક્ષુની બોલબાલા સમગ્ર ભારતમાં છે. બનાસકાંઠાના અંતરિયાળ ગામમાં વસતો બખ્સુ ઘોડાનો તો એવો જાણકાર છે કે તેના પાસે ઘોડા ખરીદવા અને તેનું માર્ગદર્શન મેળવવા સમગ્ર જાણકાર તરીકે આજે આગવું સ્થાન ધરાવે છે. ગુજરાત પોલીસમાં દેશનું સૌથી મોટું અશ્વદળ છે ત્યારે બક્ષુએ આ અશ્વદળમાં ૨૦૦૦ જેટલા ઘોડાઓ આપ્યા છે. ગુજરાત પોલીસના ઉચ્ચ પોલીસ અધિકારીઓ બક્ષુના ઘોડાની જાણકારીના કાયલ છે. અનેક ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને રાજકીય આગેવાનો બક્ષુ પાસેથી ઘોડા ખરીદે છે તો જયારે પણ ઘોડાને લઈ કોઈપણ તકલીફ હોય ત્યારે બક્ષુની મદદ લેવામાં આવે છે.

બક્ષુની કામગીરી સાથે તેનો ઘોડામાં જ રચ્યો પચ્યો રહે છે. બક્ષુ ખાનની ઉમર ૭૫ વર્ષની થઈ છે છતાં આજે પણ તેઓ ઘોડાની દેખભાળ પોતાની જાતે કરે છે. તેમની આવકનો મુખ્ય વ્યવસાય ઘોડા જ છે. આજેપણ જયારે ગુજરાત પોલીસમાં ઘોડાની ખરીદી થાય છે ત્યારે બક્ષુ તેના ઘોડા આપે છે. બક્ષુ ન માત્ર ઘોડાનું વેચાણ કરે છે પરંતુ જયારે ઘોડાને લગતી કોઈપણ મુશ્કેલી હોય ત્યારે પણ બક્ષુ હરહમેશ પોલીસને મદદરૂપ થાય છે. બક્ષુના ઘોડા માત્ર ગુજરાત પોલીસમાં જ નથી પરંતુ અન્ય રાજ્યોની પોલીસમાં પણ બક્ષુએ ઘોડા આપ્યા છે. બક્ષુની ઘોડાની માસ્ટરીના કારણે તો ગુજરાત સહીત દેશના ઉચ્ચ પોલીસ અધિકારીઓ બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારમાં રહેતા બક્ષુને ઓળખાતા થયા છે. બક્ષુ પાસે ઘોડાને લગતા જ્ઞાનના કારણે રાજકારણ અને રજવાડી પરિવારો ખાસ બક્ષુને આમંત્રણ આપે છે.

## કારકિર્દી માર્ગદર્શન વિશેષાંકનું વેચાણ જિલ્લા માહિતી કચેરી મહેસાણા ખાતે શરૂ કરાયું

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પરિણામો પછીના કારકિર્દી ઘડતર માટેના મહત્વપૂર્ણ તબક્કામાં વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે પ્રતિવર્ષની પરંપરા અનુસાર આ વર્ષે પણ માહિતી ખાતા દ્વારા માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૬ પ્રકાશિત કરવામાં આવ્યો છે. વર્તમાન સમયમાં ઉચ્ચ અભ્યાસ, રોજગારી સ્વરોજગારી તથા કારકિર્દીના વિવિધ ક્ષેત્રો અંગે ઉપયોગી માહિતી અને માર્ગદર્શન આપતો આ કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી થઈ પડશે.

## શામળાજી ખાતે કૃષિ મહોત્સવ યોજાયો

શામળપુર ખાતે કૃષિ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.આ કૃષિ મહોત્સવમાં મોડાસા પ્રાંત વિભાગના ભિલોડા, મોડાસા અને મેઘરજ તાલુકાઓનો કૃષિ મહોત્સવ યોજાયો હતો. આ કૃષિ મેળામાં આજુબાજુ ગામડાંના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રજનીકાન્ત પટેલ દ્વારા ખેડૂતોને આવકમાં કઈ રીતે વધારો થાય તેમજ ખર્ચ ઘટે અને ઉત્પાદન વધે પશુપાલન તેમજ ખેતીવાડીમાં આગળ જાય તેમ ગુજરાત રાજ્યના મહિલા મુખ્ય મંત્રી દ્વારા ચાર ઝોનમાં જઈને ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. ગૃહ મંત્રીએ જણાવ્યું હતુ કે જો ખેડૂતોને અકસ્માત થાય ત્યારે અગાઉ રૂ.૧ લાખની સહાય ચુકવવામાં આવતી હતી. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા સુધારો કરીને હવેથી ખેડૂતોને અકસ્માતે મૃત્યુ પામે તો ચાર લાખની સહાય ચુકવવામાં આવશે. આ ઉપરાંત ખેડૂતોના ધિરાણ માટે બેંકો દ્વારા ત્રણ લાખની લોન ખેડૂતોને આપવામાં આવે છે. જેનો વાર્ષિક વ્યાજ દર ૧ ટકાના વ્યાજે ચુકવવાનો રહેશે.

# મેઘરજના ભેમાપુર ગામે પાણી વાળવા બાબતે તકરાર થતા તલવારથી હૂમલો

મોડાસા, તા. ૧૬

મેઘરજ તાલુકાના ભેમાપુર સાથરિયા ગામે પીવાના પાણી ના પાડવા છતાં કેમ પાણી વાળો છો તેમ કહીને સાથરિયા ગામના ચાર શખ્સોએ તસલવારથી જીવલેણ હૂમલો કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

મેઘરજ તાલુકાના ભેમાપુર ગામે રવિવારના રોજ બપોરે ૩ વાગ્યાના અરસામાં સવાભાઈ રામાભાઈ કટારા તેમના ખેતરમાં પાણી વાળવા માટે ગયેલા હતા. તે દરમિયાન ભાથી કાળુભાઈ પગી, બુટા ભાથી પગી ઠુંઠા ભુરાભાઈ પગી હાથમાં લાકડી લઈને અને નરેશ ભગવાનભાઈ પગી હાથમાં તલવાર લઈને સવાભાઈના ખેતરની નજીક જઈને કહેતા કે તમે કેમ મારા રીંગથી પીવાનું પાણી ના પાડવા છતાં કેમ પાણી વાળી રહ્યા છો તેમ કહી આ ચારેય જણા મા-બાપ સામે બિભત્સ ગાળો બોલવા લાગ્યા હતા અને સવાભાઈએ ગાળો બોલવાની ના પાડતા નરેશ પગીએ ઉશ્કેરાઈ જઈ સવાભાઈના માથાના ભાગે તલવારના ઘા કરી દીધા અને બુટા ભાથી પગી અને ઠુંઠા ભુરા પગી લાકડીથી હૂમલો કરતા સવાભાઈ નીચે પડી ગયા હતા. ત્યારબાદ બુમાબુમ થતા સવાભાઈના પરિવારજનો આવી પહોંચતા આ ચારેય શખ્સો ભાગી છુટ્યા હતા અને સવાભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા મેઘરજ સાર્વજનિક હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. પરંતુ ગંભીર ઈજાઓ હોવાથી વધુ સારવાર માટે મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. સવાભાઈની પત્નિ રમીલાબેને આ અંગે મેઘરજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મેઘરજ પોલીસે તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ભાથી કાળુ પગી અને ઠુંઠા ભુરા પગીની અટકાયત કરી હતી. જ્યારે અન્ય બે આરોપીઓ ફરાર થઈ ગયા હતા.





## ધનીવાડા નજીક ત્રણ દિવસથી કાર લાવારિશ હાલતમાં

મેઘરજ ઉન્ડવા રોડ પર આવેલ ધનીવાડા ગામ નજીક મારૂતિ સુઝુકી કંપનીની જીજે-૧-એચપી-૪૮૮૮ નંબરની મારૂતિ કાર ત્રણ દિવસથી લાવારિશ હાલતમાં જોવા મળી રહી છે. આ અંગે પ્રત્યક્ષદર્શીના જણાવ્યાનુસાર ગત શનિવારના રોજ સાંજના પાંચ વાગ્યાના અરસામાં રોડની સાઈડમાં આવેલ ઝાડ સાથે ટકરાઈ ગઈ હતી અને જેના કારણે બાજુમાં આવેલા ખાડામાં જઈ પડી હતી. ગાડીમાં સવાર વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. ત્યારબાદ અત્યાર સુધી આ ગાડી જે તે સ્થળ ઉપર જ પડી રહી છે. આ બનાવના ૭૨ કલાક જેટલો સમય વીતવા છતાં ગાડી ઘટનાસ્થળે પડી રહેતા લોકોમાં તર્ક-વિતર્ક ચાલતા જોવા મળી રહ્યા છે.

# ગુજરાત રોજગાર સમાચાર દ્વારા કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૬ પ્રસિદ્ધ

## વિશેષાંક પાલનપુર જિલ્લા માહિતી કચેરી ખાતે મળશે

પાલનપુર, તા. ૧૬

કારકિર્દી ઘડતર અને ધો. ૧૦ અને ૧૨ પછી કઈ દિશામાં કેરિયર બનાવવી તેની સુંદર માહિતી અને માર્ગદર્શન આપતો ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૬ રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ વિશેષાંકની કિંમત રૂ. ૨૦ છે. આ અંક મેળવવા માટે જૂના ગંજની પાછળ, ઈદગાહ રોડ પર આવેલ જિલ્લા માહિતી કચેરી, પાલનપુરનો સંપર્ક કરી શકાશે.

ઉલ્લેખનીય છે કે માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષ પ્રકાશિત કરવામાં આવતા આ વિશેષાંકમાં તજજ્ઞ લેખકો દ્વારા સરસ માહિતી આપવામાં આવી છે. આ અંકમાં અદ્યતન માહિતી સાથે કારકિર્દીલક્ષી લેખો, વિવિધ વિષયોને આવરી લેતા ઉચ્ચ અભ્યાસક્રમ વિશેની માહિતી, વિવિધ યુનિવર્સિટીઓ તેમજ નવી ટેકનોલોજી તથા સાંપ્રત પ્રવાહોને લક્ષમાં લઈ રોજગારી આપતા ક્ષેત્રો અને વ્યક્તિત્વ વિકાસની સાથે કારકિર્દીલક્ષી લેખો સમાવવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીઓને કારકિર્દી બનાવવામાં ખુબ મદદરૂપ સાબિત થશે.